# અમી ભરેલી



અમી ભરેલી નજરું રાખો, વીરપુર વાળા બાપા રે, નારાયણ મુનિદેવ રે,
દર્શન આપો, દુઃખડાં કાપો, વીરપુર વાળા બાપા રે, નારાયણ મુનિદેવ રે,

ચરણકમળમાં શીશ નમાવી, વંદન કરું શ્રી જલારામ રે, વંદન કરું મહારાજ રે,
દયા કરીને ભક્તિ દેજો, વીરપુર વાળા બાપા રે, નારાયણ મુનિદેવ રે... ૧

હું દુઃખિયારો તારે દ્વારે, આવી ઊભો શ્રી જલારામ રે, આવી ઊભો મહારાજ રે,
આશિષ દેજો ઉરમાં લેજો, વીરપુર વાળા બાપા રે, નારાયણ મુનિદેવ રે... ૨

તારા ભરોસે જીવન નૈયા, હાંકી રહ્યો શ્રી જલારામ રે, હાંકી રહ્યો મહારાજ રે,
બની સુકાની પાર ઉતારો, વીરપુર વાળા બાપા રે, નારાયણ મુનિદેવ રે... ૩

ભક્ત તમારા કરે વિનંતી, સાંભળજો શ્રી જલારામ રે, સાંભળજો મહારાજ રે,
ઉર આંગણિયે વાસ તમારો, વીરપુર વાળા બાપા રે, નારાયણ મુનિદેવ રે... ૪